અપીલ અરજી નં.૩૨૯ તા.૪–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ

સામાવાળાઃ–શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૪–૧૨–૦૯ ની અરજીથી યુઝ ટેબલ ઝોન ૧–૨–૩ મુજબ કોઈપણ નાગરીક રહેઠાણવાળા વિસ્તારમાં અવાજ તેમજ ધ્રુજારી માટે તેવા પાવરથી ચાલતા મશીન નાખી કારખાના ચાલુ ન કરી શકે તો પછી સુરત શહેર બેગમપુરા દુધારાશેરી ઘ.નં.૪/૩૬૦ વાળી મિલકતમાં આગળ તેમજ પાછળના ભાગે જે મશીન નાંખી કારખાના ચાલુ  કરેલ છે તે બંધ કરાવવાની જવાબદારી સુ.મ.પા.ના કમિશ્નરશ્રીની આવે છે તેવુ વન અને પર્યાવરણ વિભાગ તરફથી પત્ર ક્રમાંક ઈએનવી–૧૦૨૦૦૯–૧૦૨૭–ઈ તા.૨૮–૭–૦૯ માં જણાવેલ છે તો પછી ૪/૩૬૦ વાળીમિલકતમાં જે અવાજ તેમજ ધ્રુજારી માટે તેવા પાવરથી ચાલતા મશીન નાંખેલ છે જે બંધ કરાવવા માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૪–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૨૯/૨૦૦૯–૧૦

શ્રી હેમંત એન. દેસાઈની તા.૪–૧૨–૦૯ ની અરજીથી યુઝટેબલ ઝોન ૧–૨–૩ મુજબ કોઈપણ નાગરીક રહેઠાણવાળા વિસ્તારમાં અવાજ તેમજ ધ્રુજારી માટે તેવા પાવરથી ચાલતા મશીન નાખી કારખાના ચાલુ ન કરી શકે તો પછી સુરત શહેર બેગમપુરા દુધારાશેરી ઘ.નં.૪/૩૬૦ વાળી મિલકતમાં આગળ તેમજ પાછળના ભાગે જે મશીન નાંખી કારખાના ચાલુ  કરેલ છે તે બંધ કરાવવાની જવાબદારી સુ.મ.પા.ના કમિશ્નરશ્રીની આવે છે તેવુ વન અને પર્યાવરણ વિભાગ તરફથી પત્ર ક્રમાંક ઈએનવી–૧૦૨૦૦૯–૧૦૨૭–ઈ તા.૨૮–૭–૦૯ માં જણાવેલ છે તો પછી ૪/૩૬૦ વાળી મિલકતમાં જે અવાજ તેમજ ધ્રુજારી માટે તેવા પાવરથી ચાલતા મશીન નાંખેલ છે જે બંધ કરાવવા માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.૧૩૨૮ તા.૨૪–૧૨–૦૯ થી આપેલ માહિતી સંતોષકારક તેમજ સાચી ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૪૭ તા.૧૨–૧–૧૦ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તથા અરજદારને મુળ અરજીમાં ૪/૩૬૦ વાળી મિલકતમાં કારખાના ચાલુ કરેલ છે તે બંધ કરવાની જવાબદારી સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીની આવે છે તેવું "વન અને પર્યાવરણ વિભાગ" ના તા.૨૮–૭–૦૯ ના પત્રમાં જણાવેલ છે તેવા નિર્દિષ્ટ વિગતના દાવા અંગે આધાર રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૭૧ તા.૨૧–૧–૧૦ થી નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૨૮ તા.૨૪–૧૨–૦૯ ની નકલ, અરજદારની મુળ અરજીની નકલ અત્રે પૂરક વિગતોમાં રજૂ કરેલ છે. જયારે અરજદારે પૂરક વિગતમાં નં.ઈએનવી/૧૦૨૦૦૯/૧૦૨૭/ઈ વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૨૮–૭–૦૯ ના પત્રની નકલ રજૂ કરેલ છે.પરંતુ અરજદારે કરેલા દાવાના સમર્થનમાં કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી.

અરજદારની તા.૪–૧૨–૦૯ ની અરજી બાબતે ઉપરોકત વિષય બાબતે જાહેર માહતી અધિકારી સેન્ટ્રલઝોનમાં અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૧૩૨૮ તા.૨૪–૧૨–૦૯ થી અરજદારને " અરજદારે રેકર્ડ આધારીત કોઈ જ માહિતી માંગેલ ન હોય જે આપી શકાય નહીં " તેવી માહિતી આપેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૪–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરી મુદ્દા નં.૧ માહિતનો જવાબ સંતોષકારક અને સાચો નથી. મુદ્દા નં.૨. માહિતી અધિકાર હેઠળ નાગરીકને માહિતી અધિકારીએ સાચો જવાબ આપવાની જોગવાઈ છે. મુદ્દા નં.૩. મે જે માહિતી માંગેલ અને મને જે માહિતીનો જવાબ આપવામાં આવેલ છે કે રેકર્ડ આધારીત માહિતી માંગેલ ન હોય તે આપી શકાય નહીં તેવું જણાવવામાં આવેલ જે સાચું નથી કારણકે માહિતીની કઈ કલમની જોગવાઈ હેઠળ આપી શકાય નહીં જેનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી શા માટે. મુદ્દા નં.૪. મે જે માહિતી માંગેલ છે જે માહિતી અધિકારીની જોગવાઈમાં આવે છે તેમ છતાં માહિતી અધિકારી મને માહિતી નથી આપતા શા માટે. મુદ્દા નં.૫ કોઈ પણ નાગરીક માહિતી માંગે ત્યારે સંસ્થા પાસે રેકર્ડ ઉપલબ્ધ ન હોય પરંતુ સ્થળ તપાસ કરાવી રેકર્ડ પર લઈ માહિતી આપવાની જોગવાઈ છે નહીં કે રેકર્ડ આધારીતનું ન હોઈ તે આપી શકાય નહીં તે જણાવવું ખોટું છે. મુદ્દા નં.૬. ભારત સરકાર તરફથી માહિતી અધિકારીનો જોગવાઈઓમાં ફકત રક્ષાને લગતી માહિતી ન આપી શકાય તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. બાકીની બધી માહિતી મેળવી શકાય છે. તેવું ચોખ્ખું જણાવેલ છે. મુદ્દા નં.૭. મે જે માહિતી માંગેલ છે તે મુજબ સુરેશ એમ. પટેલને આઈ ડી ન.૩૦૨ અને ૩૦૯ થી જે માહિતી માંગેલ જેમાં પણ માહિતી અધિકારી તરફથી યુઝ ટેબલ –૧,૨ અને ૩ ની કોપી ફાળવેલ છે. તો પછી માહિતી અધિકારી કયા આધારે કહે છે કે માહિતી રેકર્ડ આધારીત નથી. તેવી રજૂઆત અપીલ અરજીમાં કરેલ છે. અરજદારે અપીલ તબકકે કેટલાક માહિતી કાયદાના સંદર્ભે કેટલાક વાકય જણાવેલ છે. રેકર્ડ આધારીત માહિતી ની

કાયદાકીય જોગવાઈ વિશે ની કલમની માહિતી અંગે આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જયારે અરજદારે સ્થળ તપાસ કરીને માહિતીનો આગ્રહ રાખેલ છે. જે આરટીઆઈ કાયદા સાથે સુસંગત નથી. અરજદારે મુદ્દા નં.૭ માં સુરેશ એમ. પટેલની તા.૧૧–૧૧–૦૯ ની અરજી આઈ ડી નં.૯૦૨ અને ૯૦૩ માં ગેલી માહિતીની રજૂઆત અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી કરેલ છે. વાસ્તવમાં જોતાં અરજદારે મુળ અરજીથી માંગેલ માહિતી અંગે તે સ્વયં સ્પષ્ટ જણાતા નથી. અપીલ તબકકે તક આપવા છતાં સ્પષ્ટ માહિતી માંગણીની વિગત રજૂ કરવામાં સફળ રહેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી સંદિગ્ધ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી રેકર્ડ આધારીત માહિતી પૂરી પાડવાની છે. તે મુજબ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન...જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,